# મનીષ વી. સોજીત્રા

(ટેક્ષેશન & ઇન્ડસ્ટ્રીયલ કન્સલ્ટન્ટ)

"સાંઈકૃપા" ૪૧ ન્યુ જાગનાથ પ્લોટ,
જોહર કાર્ડસ સામે,
રાજકોટ.
ફોન નં.૨૪૫૪૬૭૮,૨૪૫૫૬૭૮

Web.manishsojitra.com

૯-મરીયમબાગ, ૧ લો માળે,
મોંઘીબા ગર્લ્સ સ્કુલ સામે,
ગોંડલ. મો.૯૮૨૫૨૨૦૬૭૮
ફોન નં.૨૩૦૬૭૮/૨૨૦૬૭૮


માનનીય શ્રી,

તા ૧૮/૧૦/૨૦૧૪

**તા. ૧૫-૧૦-૨૦૧૪ ના રોજ ગુજરાત મુલ્ય વર્ધિત વેરા દ્વારા ખુબજ મહત્વના સુધારાઓ કરવામાં આવેલ છે, જેની સરળ સમજુતી નીચે મુજબ છે.**

(૧) હવેથી તમામ વેપારીશ્રીઓએ, નિયમ મુજબ ફાઈલ કરવાના રીટર્ન ફરજીયાત રીતે ખાતાની વેબ-સાઈટ પર ઓન-લાઈન ફાઈલ કરવાના રહેશે. **મેન્યુઅલ રીટર્ન ફાઈલ કરવાના રહેશે નહી,**

(૨) નવો રજીસ્ટ્રેશન નંબર મળ્યા તારીખ થી પ્રથમ બાર માસ સુધી મન્થલી પત્રક ખાતાની વેબ-સાઈટ પર ઓન-લાઈન ફાઈલ કરવાના રહેશે.

(3) વેટ કાયદાની કલમ – ૬૩ હેઠળ વેટ ઓડીટ રીપોર્ટ નીચે મુજબ વિગતો સાથે ખાતાની વેબ-સાઈટ પર ઓન-લાઈન ફાઈલ કરવાનો રહેશે.

૧) વેટ ઓડીટ રીપોર્ટ ફોર્મ ૨૧૭,

૨) સ્ટેટમેન્ટ ઓફ પર્ટીકયુલર્સ ની સહી કરેલ સ્કેન કોપી અને સોફ્ટ કોપી,

3) તમામ પ્રકાર ના ધારાકીય ફોર્મ ( C/F/H) તથા તેના લીસ્ટ ની સ્કેન કોપી,
(આ જોગવાઈની ગંભીર અસર એ થવા પાત્ર છે કે વર્ષ પૂરું થયાના ૯ માસ (૩૧મી ડીસેમ્બર) સુધીમાં વેચાણના તમામ ફોર્મ્સ C/H/F મેળવી લેવા પડશે અન્યથા તેનો વેરો,વ્યાજ તથા દંડ ભરવાની જવાબદારી ઉપસ્થિત થશે.)

૪) ચાર્ટડ એકાઉન્ટટ ના ઓડીટ રીપોર્ટ, ઓબ્જર્વેશન, કોમેન્ટ્સ અને નોટ્સ ની સ્કેન કોપી,

૫) ઉપર મુજબ ના ૧ થી ૪ ડોક્યુમેન્ટ માની વિગતો અને માહિતી ખરી અને સાચી છે, અને જો તેમાં કોઈ વિગતો છુપાવેલ હશે તો તે સંબંધે ની દંડ અને શિક્ષા ની જવાબદારી સ્વીકારતી બાહેધરી આપવાની રહેશે.

**ઓડીટ રીપોર્ટ ઉપર મુજબની વિગતો સાથે ખાતાની વેબ-સાઈટ પર ઓન-લાઈન ફાઈલ કરવાનો રહેશે.**

(૪) પ્રોવિઝનલ રીફંડના કિસ્સામાં, અરજી તારીખથી ૯૦ દિવસમાં રીફંડ ચુકવવાનું રહેશે. અગાઉ આ મર્યાદા ૧૫ દિવસ ની હતી.

## :: મોબઈલ ચેકપોસ્ટ ::

વિશેષ, છેલ્લા એક અઠવાડિયાથી **રાજ્યભરમાં મોબઈલ ચેક-પોસ્ટ કાર્યરત થયેલ છે.** રાજ્યમાંથી રાજ્ય બહાર રવાનગી થતા માલના વહન દરમ્યાન ફોર્મ-૪૦૨ રાખવું ફરજીયાત છે.

આ ઉપરાંત **રાજ્યમાં થતા માલની હેરફેર માટે પણ** ખાતા દ્વારા જાહેર કરવામાં આવેલ નીચે મુજબની ચીજ-વસ્તુઓ માટે પણ, **વેબ-સાઈટ દ્વારા પ્રમાણિત ફોર્મ-૪૦૨ મેળવી રાખવું ફરજીયાત છે.** અન્યથા દંડકીય કાર્યવાહી કરવામાં આવેશે.

જાહેર કરેલ ચીજ-વસ્તુઓ : (૧) બ્રાસ-પાર્ટ્સ, (૨) સિરામિક ચીજ્વસ્તુઓ (સિરામિક ટાઈલ્સ) (૩) તમામ પ્રકારના લોખંડ અને પોલાદ,(૪) તમામ પ્રકારના ખોળો, (૫) ફેરસ અને નોન-ફેરસ મેટલ અને તેના સ્ક્રેપ,(૬) તમામ પ્રકારના તેલીબીયાઓ (મગફળી-સીંગદાણા) (૭) તમામ પ્રકારના રીફાઇન્ડ ખાદ્યતેલો (૮) ઇસબગુલ તથા તેની ભૂસી (૯) દરેક પ્રકારની તમાકુની બનાવટો સહિતની પ્રક્રિયા કરેલ તમાકુ.

ખાતા દ્વારા નજીકના દિવસોમાં ફોર્મ-૪૦૨ (રાજ્યમાં અને રાજ્ય બહાર માલ વહન સમયે), ફોર્મ-૪૦૩ (પર રાજ્યમાંથી રાજ્યમાં માલના વહન સમયે) અને ૪૦૫ (અન્ય રાજ્ય અને દેશમાંથી આવતા અને અન્ય રાજ્યમાં જતા માલના રાજ્યમાંથી વહન માટે) ની પ્રક્રિયામાં ફેરફાર થવાની સંભાવના છે. સંભવિત ફેરફાર મુજબ માલની હેરફેર શરુ થતા પહેલાજ માલના વહન-હેરફેરની માહિતી ખાતાની વેબ-સાઈટ પર અપલોડ કરવાની રહશે.

ઉપરોક્ત વિગતની ગંભીર નોંધ લેવા વિનંતી છે.

(આપનો વિશ્વાસુ)